ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૯ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૧૮ ટકા

# આજથી શહેરની શાળાઓમાં વેકેશન

## શાળાના શિક્ષકોનું વેકેશન ૮મી મે થી ૧૨ જૂન સુધી : શાળાઓ દ્વારા પરીક્ષાના પરિણામ ૬ મે ના રોજ જાહેર કરાશે

ગાંધીનગર, તા.૨૭

શહેરમાં પ્રાથમિક શાળાઓમાં વેકેશન પડયા બાદ આજથી માધ્યમિક શાળાઓમાં પણ ઉનાળાનું વેકેશન પડી રહ્યું છે. ૨૮ એપ્રિલથી ૧૨ જૂન સુધી ઉનાળુ વેકેશન આપવમાં આવ્યું છે. જયારે શિક્ષકોને ૮મે થી ૧૨ જૂન સુધી વેકેશન આપવામાં આવ્યું છે તથા પરીક્ષાઓના પરિણામ ૬ મેના રોજ જાહેર કરવામાં આવશે.

શહેરમાં શાળાઓમાં ઉનાળુ વેકેશન પડયું છે ત્યારે બાળકો ફરીથી રજાઓના દિવસો જોતા ખુશખુશાલ થઈ ગયા છે. સતત બે વર્ષથી ઓનલાઈન પરીક્ષાઓ આપ્યા બાદ આ વખતે ઓફલાઈન પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓ પરાણે પરીક્ષાઓ આપવી પડે તેવા મુડમાં પણ જોવા મળી રહ્યા હતા. ઓનલાઈન શિક્ષણની ટેવ પડી ગઈ હોય તેવા વિદ્યાર્થીઓને ઓફલાઈન પરીક્ષામાં મુશ્કેલીઓ પડી રહી હતી. અંતે શાળાઓની પરીક્ષાઓ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થતા શિક્ષકો અને વાલીઓએ રાહતના શ્વાસ અનુભવ્યા છે.

શાળાઓમાં આજથી વેકેશન પડતા માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ઉનાળાના વેકેશનને માણવા માટે વાલીઓ દ્વારા વિવિધ પ્લાનિંગ કરવામાં આવી રહ્યા છે. ઉનાળામાં ગરમીથી રાહત મળે તેવા સ્થળો પર ટ્રીપમાં જવાનું ઘણા વાલીઓએ પ્લાનિંગ કર્યુ છે. કોરોના મહામારી બાદ ઓનલાઈન અને ઓફલાઈન શિક્ષણમાં ભરાઈ ગયેલા વિદ્યાર્થીઓને માનસિક રીતે રાહત મળી રહે તે માટે વિવિધ સમર કેમ્પ એક્ટિવીટી પણ શહેરમાં આયોજીત કરવામાં આવી છે. જેનો વિદ્યાર્થીઓ લાભ લેશે તો અવશ્ય તેમના માટે ફાયદાકારક જ બની રહેશે. સમર કેમ્પમાં અવનવી ગેમ અને રમતો રમાડવામાં આવે છે તેથી બાળકોને ઉનાળાના દિવસોમાં રમવાની સાથે નવી પ્રવૃત્તિ કરવામાં મજા આવશે. આ ઉપરાંત સ્પર્ધાઓ પણ આયોજીત કરવામાં આવે છે.

### ૬ મે એ પરીક્ષાનું પરીણામ

**પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની પરીક્ષા આજરોજ પૂર્ણ થઈ રહી છે ત્યારે શિક્ષકો દ્વારા તમામ ઉત્તરવહીઓની ચકાસણી કરવાની કામગીરી કર્યા બાદ ૬મેના રોજ પરીક્ષાના પરિણામ જાહેર કરવામાં આવશે.**



### પરીક્ષામાં વિદ્યાર્થીઓ મુંઝાયા

**ઓનલાઈન શિક્ષણના કારણે વિદ્યાર્થીઓને લખવાની પ્રેક્ટીસ ઓછી થવાના કારણે ઓફલાઈન પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓ મુંઝાયા હતા. લખવાની પ્રેકટિસના અભાવના કારણે પ્રશ્નોના જવાબ લખવામાં વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી રહી હતી. જો કે શાળાઓ દ્વારા એસાઈમેન્ટ પણ આપવામાં આવ્યા હતા. જેમાં નિયમિત રહેનારા વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલીઓ થઈ નહોતી.**

## જન્મદિને વધામણી



વૈભવી વિરેન્દ્ર પંડ્યા





સૃજન જય ઓઝા
મો. ૯૮૯૮૦ ૪૬૪૮૮

## ચિલ્ડ્રન્સ યુનિ.ના સમાજકાર્ય વિભાગના સેમેસ્ટર-૪ના છાત્રોનો વિદાય સમારંભ યોજાયો





ગાંધીનગર, તા.૨૭

બાળકોના સર્વાંગી વિકાસ માટે કામ કરતી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગના સેમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ હાલમાં યોજાઈ ગયો. એમ.એસ.ડબલ્યુ.ના સેમેસ્ટર-૨ના વિદ્યાર્થીઓ દ્વારા આ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે વિદાય લેતા વિદ્યાર્થીઓને ઉજજવળ ભવિષ્યના આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ સમાજકાર્ય વિભાગનાં અધ્યક્ષા પ્રા. રીના રાઓલે વિદ્યાર્થીઓને તેજસ્વી કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ટૉય ઈનોવેશન વિભાગ દ્વારા શરૂ કરાયેલી ટૉય ડોનેશન ડ્રાઈવમાં પણ સમાજકાર્યના સેમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓએ વિવિધ શાળાઓમાં જઈને ઘણાં રમકડાં એકઠાં કર્યાં છે. વિદ્યાર્થીઓને ભવિષ્યમાં પણ આવાં સામાજિક કામોમાં અગ્રેસર રહેવા શુભ કામનાઓ પાઠવાઈ હતી. વિભાગના પ્રાધ્યાપક ડૉ.નરેન્દ્રકુમાર વસાવા અને ડૉ. શૈલેષ બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય-ગીત રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો રજૂ કર્યા. કાર્યક્રમના અંતમાં કુલપતિશ્રીએ દરેક વિદ્યાર્થીને યુનિવર્સિટીનું "બાળવિશ્વ" મેગેઝીન ભેટમાં આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેમેસ્ટર-૨ના વિદ્યાર્થી વિજય પ્રજાપતિ અને દિશા કડછા દ્વારા કરવામાં આવ્યું હતું.

## સે-૧૧માં જાહેરમાં કચરો બાળવામાં આવતાં કિંમતી કેબલોને નુકસાન થવાની ભીતિ

### જાહેરમાં કચરો સળગાવવા પર પ્રતિબંધ છતાં શહેરમાં બેરોટોક ચાલતી કચરો બાળવાની પ્રવૃત્તિ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરી વિસ્તારમાં જાહેરમાં કચરો સળગાવવા અંગે પ્રતિબંધ છે. જાહેરમાં કચરો બાળવાને કારણે પ્રદૂષણ ફેલાય છે જે અનેક રીતે નુકસાનકારક છે જેના કારણે આ પ્રતિબંધ લાગુ કરાયેલો છે તેમ છતાં શહેરમાં વારંવાર જાહેરમાં કચરો સળગાવવાની ઘટનાઓ સર્જાયા કરે છે. શહેરના સેક્ટર-૧૧માં જાહેરમાં કચરો સળગાવવાની ઘટનાને પગલે બાજુમાં જ પડેલા મોટી સાઈઝના કેબલોને પણ નુકસાન થાય તેવી સ્થિતિ સર્જાવા પામી હતી.



શહેરમાં જાહેરમાં કચરો બાળવાની ઘટનાઓ છાશવારે સર્જાતિ રહે છે અને આ ઘટના અનુસાર હોવાની ફરિયાદો વારંવાર ઉઠતી રહે છે. જ્યાં કલેકટર કચેરી અને મહાનગરપાલિકા આવેલી છે તેવા શહેરના સેક્ટર-૧૧માં તો ત્યારે હદ થઈ ગઈ જ્યારે કચરાના ઢગલાઓને આગ ચાંપી દેવાતા આસપાસના વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ અત્યંત વધી જવા પામ્યું હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું, એટલું જ નહીં પરંતુ આ સ્થળે ચાલી રહેલા વિકાસ કાર્યોને પગલે ખડકવામાં આવેલાં મોટા કિમંતી કેબલ વાયરો નજીકમાં જ હોવાને કારણે તેને નુકસાન થાય તેવી ભીતિ સર્જાઈ હતી. આ પ્રકારની પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા વહીવટીતંત્રએ કડક હાથે કાર્યવાહી કરવી અત્યંત જરૂરી જણાઈ રહ્યું છે.

## આજે સેક્ટર-૭-એ ખાતે 'દવા વગર રોગ મટાડો' અભિયાન

ગાંધીનગર, તા.૨૭

'દવા વગર રોગ મટાડો' અભિયાન સંદર્ભે ચતુરમાન ફાઉન્ડેશન અને સેક્ટર ૭એ વસાહત મંડળ ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮-૦૪-૨૨ ગુરૂવાર ના રોજ સેક્ટર ૭-છ ના બગીચામાં સાંજે ૮.૪૫ કલાકે સૌ નાગરિકોના લાભાર્થે યોગ, યોગાહાર અને યજ્ઞ ના પ્રણેતા રાજેશભાઈ પટેલ ( ગ્રીન ડોક્ટર)ના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ છે. જેનો લાભ લેવા સર્વે ભાઈ બહેનોને ઉપસ્થિતિ રહેવા જણાવાયું છે.

## શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે નવી બેચનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

સમગ્ર ગુજરાતના ગિરાસદાર રાજપુત સમાજના તમામ જિલ્લાઓમાં વસતા રાજપુત વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીગનર સંચાલિત બાશ્રી દશરથબા મહેન્દ્રસિંહજી પરમાર રાજપૂત આઈએએસ/કરિયર એકેડમી, લેકાવાડા ગાંધીનગર ખાતે યુપીએસસી-જીપીએસસી પરીક્ષાઓ માટે નવી બેચ શરૂ કરવામાં આવનાર છે આ બેચમાં બંને પરીક્ષા માટેની સંયુકત તૈયારી માટે ૬ માસ માટેની ફાઉન્ડેશન બેચમાં આશરે ૧૭૦ ભાઈઓ અને ૮૦ બહેનો માટે રહેવા-જમવાની સગવડ તેમજ એરકન્ડિશન્ડ વર્ગખંડો અને એરકન્ડિશન્ડ લાઈબ્રેરીની સગવડ ઉપલબ્ધ રહેશે. સમગ્ર રાજય અને રાજય બહારના નિષ્ણાંત ફેકલ્ટીઓનું માર્ગદર્શન તેમજ નિયમિત ટેસ્ટ સિરીઝ ઉપલબ્ધ છે. ૨૪x૭ લાઈબ્રેરી ઉપરાંત ઈન્ટરનેટ અને વાઈ-ફાઈ સુવિધાઓ ધરાવતી આ સંસ્થામાં નવી બેચ માટે પ્રવેશ પરીક્ષાઓનું આયોજન જૂન ૨૦૨૨ના પ્રથમ અઠવાડિયામાં થશે. પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થી/વાલીઓ તા. ૧-૫-૨૦૨૨ રવિવારના રોજ રાત્રિના ૧૨.૦૦ કલાક સુધીમાં ઓનલાઈન ફોર્મ ભરી શકે છે. વધુ વિગત માટે વોટ્સઅપ નંબર ૯૪૮૪૬૭૪૧૭૪/ ૮૭૫૮૨૭૮૩૪૦/ ૯૪૨૯૯૭૩૪૫૬/ ૯૯૭૮૪૦૭૩૦૮ પર સંપર્ક કરવા જણાવાયું છે.



શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી ખાતે માઈક્રો મેરિટિક્સ પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું અને ડૉ. મનીષ પટેલ દ્વારા વિતરિત કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં કણોના કદની અસરો, તેનું શોષણ અને સ્થિરતા સમજાવવામાં આવી હતી. જેમાં કુલ ૪૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સેમિનારનું સંકલન ફાર્મસીના આચાર્ય ડૉ.ધર્મેશ ગોલવાલા અને પ્રો.વિક્રમ પંડ્યાએ કર્યું હતું.

## વેદ સ્કૂલ ખાતે કરાટે કલર બેલ્ટ એક્ઝામનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ખાતે શીતોરિયુ કરાટે-ડો ઈન્ડિયા દ્વારા ચાલતા કરાટે પ્રશિક્ષણના વર્ગો માં કોચ દિવ્યાંગભાઈ પરમાર દ્વારા કરાટે કલર બેલ્ટ એક્ઝામનું આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં પરીક્ષક તરીકે મહેસાણા ડિસ્ટ્રિક્ટ ચીફ પ્રશાંતભાઈ હાજર રહ્યા હતા. આ પરીક્ષામાં કુલ ૨૦ બાળકો એ ઉત્સાહભેર ભાગ લઈ કરાટેના અવનવા દાવપેચ તથા ટેકનીકનું પ્રદર્શન કરી પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ બેલ્ટ અને સર્ટિફિકેટ મેળવ્યા હતા.

આ સિદ્ધિ બદલ વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના ટ્રસ્ટી શ્રી આર.આર.પટેલ, ડોક્ટર સંજય સુખડિયા, શ્રી વકાશ મન્સૂરી તથા અન્ય મંત્રીશ્રીઓએ ગાંધીનગર કરાટે એસોસિએશનના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી દિવ્યાંગભાઈ તથા સર્વે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમાં કોચ દિવ્યાંગભાઈ પરમાર દ્વારા કરાટે કલર બેલ્ટ એક્ઝામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પરીક્ષક તરીકે મહેસાણા ડિસ્ટ્રિક્ટ ચીફ પ્રશાંતભાઈ હાજર રહ્યા હતા. આ પરીક્ષામાં કુલ ૨૦ બાળકો એ ઉત્સાહભેર ભાગ લઈ કરાટેના અવનવા દાવપેચ તથા ટેકનીકનું પ્રદર્શન કરી પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ બેલ્ટ અને સર્ટિફિકેટ મેળવ્યા હતા.





આ સિદ્ધિ બદલ વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના ટ્રસ્ટી આર.આર.પટેલ , ડોક્ટર સંજય સુખડિયા, વકાશ મન્સૂરી તથા અન્ય મંત્રીઓ એ ગાંધીનગર કરાટે એસોસિએશનના વાઈસ પ્રેસિડેન્ટ દિવ્યાંગભાઈ તથા સર્વે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## સાબરમતી યુનિવર્સિટીમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન







ગાંધીનગર, તા.૨૭

અમદાવાદ સ્થિત સાબરમતી યુનિવર્સિટીમાં બ્લડ ડોનેશન કેમ્પનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમા અને સાબરમતી યુનિવર્સિટીના સંયુક્ત સહયોગથી આ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ડેપ્યુટી ડિરેક્ટર મહેશ મહેતા મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જેમના હસ્તે આ બ્લડ ડોનેશન કેમ્પને ખૂલ્લો મૂકવામાં આવ્યો હતો. યુનિવર્સિટીમાં યોજાયેલા કેમ્પમાં યુનિવર્સિટીના રજિસ્ટ્રાર, ડિન, ફેકલ્ટી મેમ્બર્સ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા બ્લડ ડોનેટ કરવામાં આવ્યું હતું.

## લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર ખાતે સાધન સહાય

ગાંધીનગર, તા.૨૭

લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ઉવારસદ સ્થિત સદવિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર ખાતે વિકલાંગ બાળકોને ઉપયોગી થાય તેવા સાધનોની સહાય કરવામાં આવી હતી. લાયોનેસ ક્લબ દ્વારા પર્મેનેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત વિકલાંગ બાળકો માટે ૮-પાટલા ગાડી, ૧૦ ઘોડી, ૪-વોકર, ૧-વ્હીલચેર વગેરે મળીને કુલ ૨૩ નંગ સાધનોની સહાય કરવામાં આવી હતી.



આ કાર્યક્રમમાં લાયોનેસ પ્રમુખ નીતાબેન રાણા, પૂર્વ પ્રમુખ મીનાક્ષીબેન જયસિંધાણી, ખજાનચી વિમલાબેન અયાચી સહિત લાયોનેસ સભ્યો ઉપરાંત સદવિચાર પરિવારના ટ્રસ્ટી, ગૃહપતિ, શિક્ષકો તથા બાળકો હાજર રહ્યા હતા.



યુવા કાર્યકર રમતગમત મંત્રી અનુરાજસિંહ ઠાકુરજીનું ગુજરાત પ્રવાસ દરમિયાન સ્વામી વિવેકાનંદ યુવક મંડળ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. અને ભવિષ્યના કાર્યો માટે માર્ગદર્શન મેળવવાનો લહાવો તેમની પાસેથી યુવાઓએ મેળવ્યો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પટેલ પદમાબેન અંબાલાલ, ઉ.વ. ૮૬, સેકટર-૧૨
- સ્વ. ચાવડા નવુબા શંકરસિંહ, ઉ.વ. ૮૮, સેકટર-૩
- સ્વ. બિહોલા અરવિંદસિંહ નટુજી, ઉ.વ. ૫૦, પાલજ નવા

## સે-૨૧માં ફુવારાની જગ્યાએ લોન વિકસાવવાની અપીલ

### ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ દ્વારા સે-૨૧માં ફુવારાની જગ્યાએ પાર્કીંગ નહીં પણ લોન વિકસાવવાની માંગ : શહેરની ૮ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા મુખ્યમંત્રીને પત્ર દ્વારા જણાવવામાં આવ્યું

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ અને સાત જેટલી સહયોગી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા મુખ્યમંત્રીને પત્ર દ્વારા વિવિધ પ્રકારની માંગ નાગરિકોના હિતમાં કરવામાં આવી હતી. જેમાં આગ, ધરતીકંપ, વાવાઝોડા જેવી આપત્તિના સમયે નાગરિકો રક્ષણ મેળવી શકે તે માટે સેકટર-૨૧ શોપિંગ સેન્ટરમાં ફુવારાની જગ્યાએ ખુલ્લી જગ્યા રાખવી જોઈએ અને તે જગ્યાએ લોન વિકસાવવી જોઈએ તેવી અપીલ કરવામાં આવી હતી કારણકે સેકટર-૨૧માં તાજેતરમાં પાર્કીંગની વ્યવસ્થા માટે બીજી જગ્યાઓ ઉપલબ્ધ છે. નાગરિકોના હિતમાં ગાંધીનગર જાગ્રત નાગરિક પરિષદ દ્વારા વહીવટી તંત્રને તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટનો ૨૯ ઓગષ્ટ ૨૦૧૯ના રોજ આ બાબતે જણાવ્યું હતું. ડિઝાસ્ટર સમયે ખુલ્લી જગ્યાના અભાવે નાગરિકોના જાનમાલને નુકસાન થશે તો તેની સમગ્ર જવાબદારી ગાંધીનગર મનપાના વહીવટદારોની રહેશે તેમ જણાવ્યું હતું. ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરમાં ત્રણ માળની બિલ્ડીંગ આવલી છે જેમાં અસંખ્ય દુકાનો ચાલી રહી છે. આ દુકાનોમાં ખરીદી માટે મોટી સંખ્યામાં ગ્રાહકો આવતા હોય છે. શહેરનું મોટું શાકમાર્કેટ પણ આ જ વિસ્તારમાં આવેલું છે. દિવાળી અને અન્ય તહેવારોમાં આ સ્થળે ૧૦ હજારથી વધુ લોકો એકત્ર થાય છે. ગ્રાહકોની સાથે આવતાં બાળકો અને વૃધ્ધોની સલામતી માટે ખુલ્લી જગ્યા હોવી અત્યંત આવશ્યક છે. મેઈન્ટેનન્સના અભાવે મોટા ખર્ચે મુકવામાં આવેલા ફુવારા ભલે દૂર કરવામાં આવે પરંતુ આ ખુલ્લી જગ્યામાં પાર્કીંગ ન બનાવતા લોન વિકસાવવામાં આવે તેવી પરિષદ દ્વારા આગ્રહપૂર્વક માંગ કરવામાં આવી હતી. આ સાથે પરિષદ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે તે એ વાત સાથે સહમત છે કે સે-૨૧માં પાર્કિંગ માટે સુવિધા ઉભી કરવી જરૂરી છે. પરંતુ આ માટે અન્ય વિકલ્પો વિચારીને આયોજનમાં ફેરફાર કરવામાં આવે તેવી આશા છે. અપના બજારનું શોપિંગ સેન્ટર તેમજ શાકમાર્કેટ પાસેનું ડિસ્ટ્રિકટ શોપિંગ સેન્ટર વચ્ચે આવેલા કેટલાક જૂના સરકારી કવાટર્સ દૂર કરીને આ જગ્યાને રીડેવલપ કરવાનો વિકલ્પ પરિષદે સૂચવ્યો છે. આથી બંને શોપિંગ સેન્ટર વચ્ચે વિશાળ જગ્યા ઉપલબ્ધ બનશે અને તો વાહન વ્યવહાર તેમજ પાર્કિંગ માટે યોગ્ય ઉપયોગ કરી શકાશે. આ સ્થળે રેકડીઓવાળા વેપારીઓ માટે પણ જગ્યા આપી શકાશે. જેથી તેમના દ્વારા થતું દબાણ અટકાવી શકાશે. ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરના મહારાષ્ટ્ર બેંક અને ગોપાલ ડેરી વચ્ચેના કેટલાક ભાગમાં પાર્કીંગ બનાવવામાં આવ્યું છે તે પણ દૂર કરવાની માંગ કરી હતી. જેથી લોકો મોકળાશથી આવ-જા કરી શકે. રાજયની સ્ટેટ ડિઝાસ્ટર ઓથોરિટીએ આ પ્રશ્નનો અભ્યાસ કરીને પોતાનો અભિપ્રાય આપવો અને બગીચાની ખુલ્લી જગ્યા પર પાર્કીંગના નામે આક્રમણ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે પરિષદ દ્વારા મુખ્યમંત્રીનો પત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું.